# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, વિજ્ઞાન પ્રવાહ માર્ચ-૨૦૨૨ની ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકન માટે જે વિદ્યાર્થીઓએ અરજી કરેલ છે, તેવા વિદ્યાર્થીઓ માટે ઉત્તરવહી અવલોકનની પ્રક્રિયા **તા.૧૮/૦૬/૨૦૨૨ થી તા.૨૪/૦૬/૨૦૨૨** સુધી રાખવામાં આવેલ છે. ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા માટે અરજી કરનાર ઉમેદવારે સમય, સ્થળ અને તારીખ જેવી વિગતો દર્શાવતો કોલ-લેટર બોર્ડની વેબસાઈટ **sci.gseb.org** અથવા **gseb.org** પર પોતાનો બેઠક નંબર તથા અરજી કરતી વખતે રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર એન્ટર કરી **તા.૧૧/૦૬/૨૦૨૨ થી** ઓનલાઈન મેળવી શકશે. કોઈપણ ઉમેદવારને અવલોકન માટેના કોલ-લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવનાર નથી. અવલોકન માટે ઉમેદવારે વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ કોલ-લેટર, પ્રવેશપત્ર (હોલ ટિકિટ), ગુણપત્રક/પ્રમાણપત્રની નકલ અને અવલોકન માટે "ફી" ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

(ટી.કે.મહેતા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ - ૧૧/૦૬/૨૦૨૨
સ્થળ - ગાંધીનગર